# પરમાર્થ

— આપણી સહાયથી અન્યને મદદ મળે છે. —

ઑક્ટોબર ૨૦૨૨ - માર્ચ ૨૦૨૩ આવૃત્તિ


## અધ્યક્ષની કલમે,



પ્રિય મિત્રો,

અમારી સંસ્થાના સેવાકીય કાર્યોમાં આપે ૫૦ વર્ષોથી આપેલ સતત સહયોગ માટે તથા, તમારા તરફથી મળેલા સતત સમર્થન માટે હું તમારા સર્વેનો આભાર માનું છું. આપ સૌ દાતાશ્રીઓના ઉદાર સમુદાય વિના અમે સંસ્થાનો વિકાસ અને લાખો દર્દીઓને સેવાઓ આપવાની કલ્પના કરી શક્યા ન હોત.

મને જણાવતાં આનંદ થાય છે કે અત્યાર સુધી હૉસ્પિટલને આપના તરફથી જે સહાય મળી રહી છે તેનાથી દાખલ દર્દીઓની સેવામાં અમે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી શક્યા છીએ. ગંભીર સ્થિતીમાં આવતા દર્દીઓનું જીવન પણ બચાવી શક્યા છીએ. આગળના પાનાંઓમાં જે ગાથાઓ વર્ણવવામાં આવી છે તે ચોક્કસ તમારા હૃદયને સ્પર્શી જશે. તબીબી ક્ષેત્રમાં અધતન સુવિધાઓ સાથે કાર્યશીલ રહેવા માટે, અમે તાજેતરમાં અમારા કાર્ડિયાક સૅન્ટર ખાતે નવી કૅથ લૅબ શરૂ કરી છે. આ અધતન સુવિધાઓના સમાવેશથી હૃદયની સંભાળના સ્તરને આગલા સ્તર પર લઇ જઇ શકાશે કારણકે આ ટૅક્નોલૉજી દ્વારા હાથ ધરવામાં આવેલી હૃદયની પ્રક્રિયાઓના પરિણામો માત્ર સારા જ નહિ પરંતુ લાંબા સમય સુધી ચાલનારા પણ હશે.

ફેબ્રુઆરી મહિનામાં અમે શાંતાબેન સૂર્યકાન્તભાઈ દેસાઈ ડાયગ્નોસ્ટિક સૅન્ટરનું ઉદ્‌ઘાટન કેન્દ્રના દાતા ડૉ. બારિન્દ્ર દેસાઇની હાજરીમાં, સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના વરદ્ હસ્તે કર્યું. આ સૅન્ટર વધુ આધુનિક સુવિધાઓ ધરાવતું જિલ્લાનું એકમાત્ર કેન્દ્ર છે. વધુમાં, અમે અમારી હાલની કેન્સર સંભાળ સુવિધાઓમાં પણ ખૂબ જ ટૂંક સમયમાં PET SCAN સુવિધા ઉમેરવાનું આયોજન કરી રહ્યા છીએ, જે અમદાવાદ અને વડોદરા શહેરોની વચ્ચે એકમાત્ર આધુનિક સુવિધા હશે.

વધુમાં, નાણાંકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં અમે કેટલાક સુંદર કાર્યક્રમોનું આયોજન કરી શક્યા. જરૂરીયાતમંદ દર્દીઓને લાભાર્થે એક મ્યુઝિકલ કૉન્સર્ટ યોજી, જ્યાં પવનદીપ રાજન, અરુણિતા કાંજીલાલ અને નેહા કરોડેએ લાઇવ પરફોર્મ કયુ. જેમાં અમે અમારા દાતાશ્રીઓને અને PATRONS ને વ્યક્તિગત રીતે મળી શક્યા. તદ્‌ઉપરાંત આપણા NRI સમુદાય માટે પણ એક ખાસ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.

ફરી એકવાર હું મંડળને આપશ્રી દ્વારા આપવામાં આવેલ બિનશરતી સહકાર આપવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.


અતુલ પટેલ

અધ્યક્ષ, ચારુતર આરોગ્ય મંડળ


---

## દાતાશ્રીઓના શબ્દોમાં

“ હું શ્રી કૃષ્ણ હૉસ્પિટલ સાથે વર્ષ ૨૦૦૮ થી જોડાયેલો છું . જ્યારે હું પ્રથમ વખત હૉસ્પિટલમાં આવ્યો ત્યારે મને ખૂબ જ આશ્ચર્ય થયું, મને મારી આંખની નિયમિત તપાસ માટે નિઃશુલ્ક સેવાઓ મળી. હું હૉસ્પિટલના આ ઉમદા પગલાંની પ્રશંસા કરું છું, મારી આંખની તપાસ માટે કોઇ ફી લેવામાં ન આવી હોવાથી આર્થિક યોગદાન આપવા માટે મેં દાન વિભાગનો સંપર્ક કર્યો. મને હૉસ્પિટલના વિવિધ દાનકાર્ય વિશે સરસ રીતે માહિતી આપવામાં આવી હતી. જેમાં નિઃશુલ્ક OPD સેવાઓ, અને દાખલ દર્દીઓને અપાતા ભોજન માટેની સ્પૉન્સરશિપનો સમાવેશ થાય છે. મને આપનો અભિગમ ખૂબ જ પારદર્શક લાગ્યો. શ્રી કૃષ્ણ હૉસ્પિટલ જે નિષ્પક્ષ ઉમદા હેતુ માટે કામ કરી રહી છે. તેના માટે મારી શુભેચ્છાઓ છે. ”

શ્રી શાંડિલ્ય ઓઝા (એક નિયમિત દાતા અને શુભેચ્છક),
રાજકોટ.

---

“ દરેક વ્યક્તિની જીંદગી અમૂલ્ય છે અને ચારુતર આરોગ્ય મંડળે વધુને વધુ દાતાઓ સુધી મદદ નો હાથ લંબાવીને સાબિત કર્યુ છે. આ પ્રયાસો દ્વારા તમે માત્ર દર્દીને જ નહીં પરંતુ દર્દીના સમગ્ર પરિવારને પણ નવજીવન આપો છો. આ ઉમદા કાર્ય તમે સતત કરતા રહો અને અમે તમને સમર્થન આપતા રહીશું. ”

વિભૂતી ઠાકર (દાતા અને શુભેચ્છક),
અંજાર - કચ્છ

## દર્દીઓના કિસ્સા


કીર્તીપાલ સોલંકી

૧૪ વર્ષનો કીર્તિપાલ સોલંકી શ્રી વિજયસિંહ સોલંકીનો પુત્ર છે, જેઓ આણંદ જિલ્લાના ખેરડા ગામના વતની છે અને પ્લાન્ટ ઑપરેટર તરીકે કામ કરે છે. એક દિવસ ક્રિકેટ રમીને ઘરે જતા સમયે કીર્તિપાલ અચાનક નીચે પડી ગયો હતો અને અચકાતા અચકાતા બોલવા લાગ્યો હતો. આ ઘટના બાદ, તેને ધીમે ધીમે અંગોની હલનચલન કરવામાં મુશ્કેલી ઉભી થઈ અને તે વસ્તુઓને પકડવામાં અથવા ઉપાડવામાં મુશ્કેલી અનુભવતો હતો. સતત તાવ અને ઉધરસ હોવાના કારણે કેટલાક કુટુંબીજનોએ લોકલ ડૉકટરને બતાવ્યું, આખરે તેને શ્રી કૃષ્ણ હૉસ્પિટલ લાવવામાં આવ્યો.

અમારા ન્યુરોફિઝિશ્યને તેનું મૂલ્યાંકન કર્યું અને અનેક પરીક્ષણો કરવામાં આવ્યા. છેવટે તેને ગુલીયન બેરે સિન્ડ્રોમ (GBS) હોવાનું નિદાન થયું - આ ચેતાતંત્રના કોષો પર હુમલો કરતી એક દુર્લભ ન્યુરોલૉજિકલ બિમારી છે. તેને સારવાર માટે ૮૪ દિવસ સુધી હૉસ્પિટલમાં દાખલ રાખવામાં આવ્યો હતો અને તેની સારવારના ખર્ચમાં દાતાશ્રીઓએ આર્થિક સહાય પણ આપી. તબિયતમાં સુધારો થતાં, કીર્તિપાલ હસતા ચહેરે ઘરે ગયો અને હર્ષના આંસુ સાથે માતા પિતા એ હૉસ્પિટલ અને દાતાઓ પ્રત્યે તેમનો આભાર વ્યકત કર્યો.

---

પેટલાદ તાલુકાના, પંડોળીના વતની, રંજનબેન એક ગૃહિણી છે અને તેમના પતિ મિતેશભાઇ આઇ.ટી. કંપનીમાં નોકરી કરે છે. એક દિવસ તેઓ તેમના પતિ અને પુત્ર આકાશ સાથે બજારમાંથી ઘરે પરત આવતા હતા ત્યારે પરિવારને ગંભીર માર્ગ અકસ્માતનો સામનો કરવો પડયો. અકસ્માતમાં રંજનબેન ટુ-વ્હીલર પરથી પડી ગયા અને તરત જ બેભાન થઇ ગયા. તેમના નાકમાંથી પુષ્કળ પ્રમાણમાં લોહી વહેવા લાગ્યું અને બીજી તરફ તેમના પતિ અને પુત્રને પણ ઘણી ઇજાઓ થઇ. તેઓને શ્રી કૃષ્ણ હૉસ્પિટલના ટ્રોમા અને ઇમરજન્સી સેન્ટરમાં લાવવામાં આવ્યા હતા જ્યાં રંજનબેનનું તાત્કાલિક ઇન્ટયુબેશન કરવામાં આવ્યુ હતું અને સિટી સ્કેન કરવામાં આવ્યું હતું. રિપોર્ટમાંથી તેમને subdural hematoma (ખોપડીની અંદર એક પ્રકારનું રક્તસ્ત્રાવ અને મગજનો સોજો) છે તેવું નિદાન થયું. તરત જ તેમના પર ક્રેનિયોટોમી કરવામાં આવી અને ત્યારબાદ ટ્રાયકોસ્કૉપી કરવામાં આવી. આ જીવન બચાવવાની પ્રક્રિયાઓ પછી, તેમને વધુ સારવાર માટે ICU માં ખસેડવામાં આવ્યા હતા. સારવાર માટે પ્રારંભિક બિલ ચૂકવ્યા પછી, અમે જોયું કે તેમના સસરા વધુ સારવાર ખર્ચથી ખૂબ જ ચિંતિત હતા. દર્દીના પતિ અને પુત્રની સારવારનો ખર્ચ પણ તેમણે જ ઉઠાવવાનો હોવાથી રંજનબેનના સસરાએ મંડળને મદદ માટે વિનંતી કરી. તેઓની સામાજીક અને આર્થિક પરિસ્થિતિ જોયા પછી મંડળે રંજનબેનની સારવાર માટે દાતાશ્રીઓની મદદથી તેઓને આર્થિક સહાય આપી. આશરે ૭૯ દિવસના નિરીક્ષણ અને સારવાર પછી, તેઓને રજા આપવામાં આવી અને દાતાશ્રીઓ અને સ્ટાફનો આભાર માનીને તેઓ તેમના ઘરે પરત ફર્યા હતા.


રંજનબેન ઓડ

---

## હૉસ્પિટલની મુલાકાત લેનાર બિનનિવાસી ભારતીયો



૨૮ મી નવેમ્બરના રોજ શ્રી જાગૃત ભટ્ટ (માનદ્ મંત્રી શ્રી), ડૉ. ઉત્પલા ખારોડ (પ્રોવોસ્ટ) અને ડૉ. જીતેશ દેસાઇ (મેડિકલ સુપ્રીન્ટેન્ડેન્ટ)એ ગોકલ પરિવાર, મુંબઇના સભ્યો, શ્રી રમેશભાઇ ઠક્કર, શ્રીમતી અનિલાબેન ઠક્કર, શ્રીમતી રાજશ્રીબેન ઠક્કર, શ્રીમતી મીરાબેન ઠક્કર, અનુપમ મિશન મોગરીના પૂજ્ય બિમલભાઇ અને પૂજ્ય પીટરભાઇ માટે પ્રિવિલેજ સેન્ટર ખાતે ખાસ મિલન સમારંભ યોજ્યો હતો. શ્રી જાગૃત ભટ્ટે મુલાકાતીઓને હૉસ્પિટલની પ્રવૃતિઓ વિશે અને મંડળના કાર્યોમાં સહાયરૂપ થઇ શકાય તેવા વિકલ્પો વિશે માહિતી આપી હતી.



શ્રી વિજયભાઇ ઠક્કર, અધ્યક્ષ, વલ્લભ વિદ્યાનગર એબ્રોડ યુ.એસ.એ. (હાલ યુ.એસ.એ.), ૩૧ મી ડિસેમ્બર'૨૨ ના રોજ મંડળની મુલાકાતે આવ્યા અને શ્રી જાગૃત ભટ્ટ (માનદ્ મંત્રીશ્રી) અને ડૉ. ભાલેન્દુ વૈષ્ણવને મળ્યા. શ્રી જાગૃત ભટ્ટે મંડળના વર્તમાન અને આવનારા પ્રોજેક્ટ વિશે જાણકારી આપી. શ્રી વિજયભાઇ મંડળની પ્રવૃતિઓ જાણીને ખુશ અને પ્રભાવિત થયા.

## મુખ્ય પ્રસંગો




ભાનુભાઇ અને મધુબેન પટેલ કાર્ડિયાક સેન્ટરના સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે, ૮ મી ઑક્ટોબર ૨૦૨૩ના રોજ પાંચમી હેલ્ધી હાર્ટ વૉકથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. હૃદયના રોગ વિશે અને નીરોગી જીવનશૈલી વિશે લોક સમુદાયમાં જાગૃતિ ફેલાવવા માટે વૉકેથૉન અમારી ફ્લેગશીપ ઈવેન્ટ તરીકેની ચાહના મેળવી છે. ત્રણ કિલોમીટરની આ રેલીમાં લગભગ ૨૦૦૦ સમર્થકો અમારી સાથે જોડાયા હતા.




શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ ખાતે ૭ મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ શાંતાબેન સુર્યકાંતભાઇ દેસાઇ (વસો) ડાયગ્નોસ્ટિક સેન્ટરનું ઉદ્ઘાટન થયુ. આ આણંદ જિલ્લામાં નિદાન પરિક્ષણો કરવાની સૌથી વધારે ક્ષમતા ધરાવતું સેન્ટર છે. રૂ. ૫.૫ કરોડના જંગી ખર્ચે સ્થાપિત આ સેન્ટરનું ઉદ્ઘાટન આદરણીય સ્વામી શ્રી સચ્ચિદાનંદજી (દંતાલી) દ્વારા દાતાશ્રી ડૉ. બારિન્દ્ર દેસાઇની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

જરૂરતમંદ દર્દીઓની સહાય માટે ચારુતર આરોગ્ય મંડળ, કરમસદ, ભાઇકાકા યુનિવર્સિટીની માતૃ સંસ્થા દ્વારા પવનદીપ રાજન, અરુણિતા કાંજીલાલ અને નેહા કરોડેની લાઇવ કૉન્સર્ટનું આયોજન ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટ અમારા વિશ્વાસુ અને ભરોસાપાત્ર દાતાશ્રીઓ દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી. જેમાં દેસાઇ બ્રધર્સ, અમૂલ, ઍલિકોન ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ, નેસ્કો, જી.એમ.એમ. ફોડલર, જવૅલ કન્ઝયુમર કૅર, ઍલિઝિયમ ફાર્માસ્યુટિકલ્સ લિ. અને નટરાજ સિમેન્ટ આર્ટિકલ્સનો સમાવેશ થાય છે. ૪૦૦૦ થી વધુ સમર્થકો એ ઉમદા હેતુ માટે યોજાયેલ મ્યુઝિકલ કૉન્સર્ટમાં ભાગ લઈ મજા માણી હતી.






## NRI મીટ







ભાઈકાકા યુનિવર્સિટીએ ૪ માર્ચ, ૨૦૨૩ ના રોજ NRI સમુદાયમાં તબીબી પ્રવાસન અને આરોગ્ય સંભાળ શિક્ષણ ને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે NRI મીટનું આયોજન કર્યુ હતું. જેમાં યુ.એસ.એ અને યુ.કેના લગભગ ૫૦ NRI સમર્થકાએ અને શુભેચ્છકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ સરદાર પટેલ યુનિવર્સિટી અને ગુજરાત ટુરીઝમ ડેવલોપમેન્ટ બોર્ડ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો.

## હાઈલાઈટસ

- બુધવાર , ૩૦ નવેમ્બર ૨૦૨૨ ના રોજ ચારુતર આરોગ્ય મંડળના સ્થાપક અધ્યક્ષ ડો. એચ. એમ. પટેલની પુણ્યતિથિ પ્રસંગે મંડળે શ્રદ્ધાંજલિ આપી.

- ભાઇકાકા યુનિવર્સિટી, કરમસદના કસ્ટમર રિલેશન અને એક્સટેન્શન પ્રોગ્રામ વિભાગે ૨૯ મી ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ જી.એમ.એમ. ફોડલરના સહયોગ થી જે.વી. પટેલ ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યુટ (જે.વી.પી.આઇ. ટી. આઇ) આરોગ્ય શિબિર નું આયોજન કર્યુ હતુ. શિબિરનો મુખ્ય ઉદ્દેશ આરોગ્ય વિશે જાગૃતિ ફેલાવવાનો અને નિયમિતપણે આરોગ્યની તપાસ કરાવવાના મહત્વનો હતો.

- શ્રી કૃષ્ણ હૉસ્પિટલની સેન્ટ્રલ ડાયગ્નોસ્ટિક લેબોરેટરીએ ક્વોલિટી કાઉન્સિલિંગ ઓફ ઇન્ડિયા તરફથી લેબ એક્સેલન્સ માટે નેશનલ એવોર્ડ મેળવ્યો.

- શ્રી કૃષ્ણ હૉસ્પિટલના ભાનુભાઇ અને મધુબેન પટેલ કાર્ડિયાક સેન્ટર ખાતે પીડિયાટ્રિક કાર્ડીયાક સર્જન ડો. વિશાલ ભેંડે દ્વારા જન્મજાત હૃદયરોગ અને ડાઉન સિન્ડ્રોમ ધરાવતા બે વર્ષના નાઇજીરિયન બાળકના હૃદયની ખામી દૂર કરવા માટે પડકારરૂપ સર્જરી કરીને નવજીવન આપવામાં આવ્યું. મણીભાઇ શિવાભાઇ પટેલ કેન્સર સેન્ટર દ્વારા ૧૭ વર્ષની કિશોરીની કિડનીમાંથી કેન્સરની ગાંઠ કાઢી નવજીવન આપાવામાં આવ્યું છે.

## ભાનુભાઇ અને મધુબેન પટેલ કાર્ડિયાક સેન્ટર, કરમસદ ખાતે થ્રી-ડી ઇમેજીંગ સાથેની નવી અદ્યતન કેથ લેબનું ઉદ્ઘાટન



૨૩ ફેબ્રુઆરીના ૨૦૨૩ રોજ શ્રી કૃષ્ણ હૉસ્પિટલના કાર્ડિયાક સૅન્ટરના હૃદય રોગની સંભાળના સ્તરને ઉન્નત કરતી અદ્યતન થ્રી-ડી ઇમેજીંગની સુવિધા ધરાવતી કેથલૅબનું ઉદ્ઘાટન સૅન્ટરના દાતા અને ઍલિકોન ગ્રુપના ચૅરમૅન તથા મૅનેજીંગ ડિરેક્ટર શ્રી પ્રાયસ્વીનભાઇ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું. ચારુતર આરોગ્ય મંડળના અધ્યક્ષ શ્રી અતુલ પટેલ, મંડળના માનદ સચિવ શ્રી જાગૃત ભટ્ટ, ભાઈકાકા યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. ઉત્પલા ખારોડ, ભાઈકાકા યુનિવર્સિટીના ગવર્નિંગ બૉર્ડના સભ્ય શ્રી અમિત પટેલ, પ્રમુખસ્વામી મૅડિકલ કૉલેજના ડીન ડૉ. હિમાંશુ પંડયા, શ્રી કૃષ્ણ હૉસ્પિટલના મૅડિકલ સુપરિટેન્ડન્ટ ડૉ. જીતેશ દેસાઇ – અને સંસ્થાના અન્ય વરિષ્ઠ સ્ટાફ સભ્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા. ઉદ્ઘાટન બાદ કાર્ડિયાક સૅન્ટરના તબીબોની ટીમે ઉપસ્થિત સહુને નવી કૅથ લૅબની ઉપયોગીતા વિશે, અને તે હૃદય રોગના દર્દીઓ કેવી રીતે વિશેષ ફાયદાકારક રહેશે તે વિશે સમજાવ્યું.

આ પ્રસંગે પ્રાયસ્વીનભાઈએ જણાવ્યું કે આ સૅન્ટરમાં તેમને આર્થિક સહાય સાથે પોતાની લાગણીઓનું સિંચન પણ કર્યું છે અને તેથી જ તેનું નામ તેમના માતા-પિતાના નામે કરવામાં આવ્યું છે. આ સુવિધા સાથે તેમનું સ્વપ્ન જોડાયેલ છે કે એક એવું ભરોસાપાત્ર સ્થળ હોય જ્યાં હૃદયરોગની કોઈ પ્રકારની બીમારીનો શ્રેષ્ઠ ઉપચાર દરેકને કોઈપણ પ્રકારના ભેદભાવ સિવાય અહીં ચરોતરમાં જ મળી રહે. એમનું એવું માનવું છેકે આવી નિ:સ્વાર્થ અને બિનશરતી સેવા જ તેમના માતા-પિતાને સાચી શ્રદ્ધાંજલિ છે.

ભાનુભાઇ અને મધુબેન પટેલ કાર્ડિયાક સેન્ટર નવજાત શિશુથી લઈને વયોવૃદ્ધ હૃદયરોગના દર્દીઓ માટે એક આશાના કિરણસમુ છે. ૨૦૦૮માં સ્થાપિત આ કેન્દ્રએ અત્યાર સુધી હજારો દર્દીઓની સારવાર કરી ખૂબ જ સારા પરિણામો આપ્યા છે. વળી જટિલ સમસ્યાઓ માટે સર્જરીમાં નિપુણતા સાથે અનેક નવી તબીબી પદ્ધતિઓ નિભાવવામાં આ કેન્દ્રના નિષ્ણાતોએ મહારથ મેળવેલો છે.





આ નવી  કેથ લૅબ દ્વારા દર્દીઓને સારવારના વધુ સારા અને લાંબા સમય ટકી રહે તેવા પરિણામો આપવાની સક્ષમતા કેળવાઈ છે. તો હવે ભાનુભાઇ અને મધુબેન પટેલ કાર્ડિયાક સૅન્ટર ખરેખર હૃદય રોગની સંભાળ માટેનું એક આદર્શ 'વન સ્ટૉપ ડૅસ્ટિનેશન' છે. સૅન્ટરની સેવાઓની ગુણવત્તા અને ઉજ્જવળ પરિણામો જ તેની સફળતાનું મુખ્ય કારણ છે. આ સેન્ટરમાં ઉપલબ્ધ સેવાઓ અન્ય હૃદયરોગની હૉસ્પિટલમાં એક સાથે જવલ્લે  જ જોવા મળે છે, જેમ કે:

- ફુલ-ટાઇમ ઍડલ્ટ અને પીડિયાટ્રિક કાર્ડીયોલૉજિસ્ટની  ટીમ
- ફુલ-ટાઇમ ઍડલ્ટ અને પીડિયાટ્રિક કાર્ડીયો થોરાસિક સર્જનની  ટીમ
- જન્મજાત હૃદયની જટિલ સમસ્યાઓ માટે રી-ડુ અને ઓપન હાર્ટ અને કી- હોલ સર્જરીમાં નિપુણતા
- ૨ અદ્યતન ઑપરેશન થિયેટર્સ
- ૨૪*૭ ઇન્ટેન્સિવિસ્ટ અને બાળકોના ઇન્ટેન્સિવિસ્ટ દ્વારા સંભાળાતું કાર્ડિયાક સી.સી.યુ.
- રેડિયોલૉજીકલ, ન્યુરોલૉજીકલ અને વાસ્ક્યુલર ઇન્ટરવૅન્શનલ પ્રોસિઝર્સ

અમને વિશ્વાસ છે કે જે હેતુથી આ કાર્ડિયાક સૅન્ટરની સ્થાપના થઈ છે તેને એક સંકલ્પ સમજીને વધુ ને વધુ દર્દીઓની શ્રેષ્ઠ સંભાળ અને સારવાર અમે અવિરતપણે કરતા રહીશું. કારણ કે હૃદય માટેની શ્રેષ્ઠ સંભાળ તો ફક્ત હૃદયથી શક્ય છે.





## કૃતજ્ઞતા

### ઓક્ટોબર ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ દરમિયાન દાન આપનાર મુખ્ય દાતાઓ:

- હંસાબેન ચેરિટેબલ ટ્રસ્ટ
- મેસર્સ નવીન ફ્લોરિન ઇન્ટરનેશનલ લિ.
- મેસર્સ બજાજ આલિયાન્ઝ જનરલ ઇન્સ્યોરન્સ કાં. લિ.
- મેસર્સ જી.એમ.એમ. ફોડલર ફાઉન્ડેશન
- મેસર્સ સાબીક ઇનોવેટિવ પ્લાસ્ટિક ઇન્ડિયા પ્રા. લિ.
- બી.આઇ. પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ
- મેસર્સ દેસાઇ બ્રધર્સ લિ.
- મેસર્સ ઑનીરો કેમિકલ્સ પ્રાઇવેટ લિ.
- મેસર્સ કોચ એન્જિનીયર્ડ સૉલ્યુશન્સ ઇન્ડિયા પ્રા. લિ.
- સર દોરાબજી તાતા ટ્રસ્ટ
- તાતા એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ
- મેસર્સ ડાઉનટાઉન મોટર્સ પ્રા. લિ.
- મેસર્સ રોટોમેગ મોટર્સ એન્ડ કંટ્રોલ્સ પ્રા. લિ.
- મેસર્સ ધ કાલુપુર કૉમર્શિયલ કો-ઑપરેટિવ બેન્ક લિ.
- શ્રી સૂર્યકાંત અંબાલાલ પટેલ
- મેસર્સ ગુજરાત કો ઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જી.સી.એમ.એમ.એફ.)
- શ્રી ચંદ્રવદન શાંતિલાલ શાહ
- શ્રીમતી ઉષાબેન ચંદ્રવદન શાહ
- મેસર્સ નેસ્કો લિ.
- મેસર્સ જે.એચ. પરબિયા ટ્રાન્સપોર્ટ પ્રા. લિ.
- મેસર્સ નિસોલ મૅન્યુફેક્ચરિંગ કંપની લિ.
- શ્રી જલારામ સેવાશ્રમ ટ્રસ્ટ
- શ્રી રસેન્દ્ર દિવ્યપ્રસાદ દેસાઇ
- મેસર્સ એસ.એલ.કે. સૉફ્ટવેર પ્રા. લિ.
- મેસર્સ આઇ.ડી.એમ.સી. લિ.
- ગીવ ફાઉન્ડેશન
- મેસર્સ ફાર્મસન ફાર્માસ્યુટિકલ ગુજરાત પ્રા. લિ.
- મેસર્સ સ્ટાન્ડર્ડ પેસ્ટીસાઇડસ પ્રા. લિ.
- મેસર્સ એમ્કો એલિકોન ઇન્ડિયા લિ.
- મેસર્સ જવેલ કન્ઝ્યુમર કેર પ્રા. લિ.
- અમૂલ પાર્ક વેલફેર સોસાયટી
- મેસર્સ બેન્કો એલ્યુમિનિયમ લિ.
- મેસર્સ શિવા ફાર્માકેમ લિમિટેડ
- મેસર્સ નારાયણ પાવરટેક પ્રા. લિ.
- પટેલ પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ
- મેસર્સ રુબામીન પ્રાઇવેટ લિ.
- મેસર્સ ધ સુપ્રીમ ઇન્ડસ્ટ્રીઝ લિ.
- મેસર્સ ઍલિઝિયમ ફાર્માસ્યુટકલ ઇન્ડસ્ટ્રીઝ લિ.
- શ્રી નિલેશકુમાર શાંતિલાલ પટેલ (એચ.યુ.એફ.)
- મેસર્સ ફિર ઇટ
- શ્રી ઘનશ્યામ આર પટેલ, શ્રી રજનીકાંતભાઇ આર. પટેલ અને શ્રી ચંદ્રિકાબેન એમ પટેલ
- મેસર્સ મધુભાન રિસોર્ટ એન્ડ સ્પા
- મેસર્સ તારક કેમિકલ્સ લિ.
- મેસર્સ સત્યેન્દ્ર પેકેજીંગ લિ.
- મેસર્સ કેરા કેન કંપની લિ.
- મેસર્સ પાવર બિલ્ડ પ્રાઇવેટ લિ.
- વલ્લભ વિદ્યાનગર નગરપાલિકા
- મેસર્સ સિમાલીન કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.
- મેસર્સ ગુલબ્રાન્ડસેન પ્રાઇવેટ લિ.
- મેસર્સ જી પૉલી પ્લાસ્ટ ઇન્ડસ્ટ્રીઝ
- મેસર્સ એક્સટેલ ઇન્ડસ્ટ્રીઝ લિ.
- શ્રી ચિરાગ સુરેન્દ્રભાઇ શાહ
- શ્રી રમેશભાઇ હિંમતલાલ શાહ
- મેસર્સ બિલ્ડકવીક ઇનફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ.
- મેસર્સ વલ્કન ઇન્ડસ્ટ્રિયલ એન્જિ. કાં. પ્રા. લિ.
- યુનાઈટેડ વે ઑફ બરોડા
- મેસર્સ ભારત ટાયર્સ ગુજરાત પ્રા. લિ.
- શ્રી આશિષ આર. ડી.
- મેસર્સ જગાજી કન્સ્ટ્રકશન કંપની
- મેસર્સ નર્મદા કાર્સ પ્રાઇવેટ લિ.
- મેસર્સ પારિતોષ રેસીડિન્સી પ્રાઇવેટ લિ.
- કુ. નીનાક્ષી યોગેન્દ્ર પટેલ
- શ્રી ઉપેન્દ્રભાઇ મંજુભાઇ પટેલ
- ગીવ ફાઉન્ડેશન (ઈન્ક)
- મેસર્સ સિપ્રિયાની હેરીસન વાલ્વ્સ પ્રા. લિ.
- શ્રી પ્રમોદ મગનભાઇ પટેલ
- મેસર્સ યંત્ર કૌશલ્ય એન્જિનિયર્સ પ્રા. લિ.
- મેસર્સ લાર્સન એન્ડ ટુબ્રો લિ.
- મેસર્સ ચરોતર ગેસ સહકારી મંડળી લિ.
- મેસર્સ યુનિયન બેન્ક ઑફ ઇન્ડિયા
- મેસર્સ બોરોક્યુ ફાર્માસ્યુટિકલ પ્રા. લિ.
- શ્રીમતી હંસિકા મહેન્દ્ર શાહ
- મેસર્સ ઝેનીથ ફાઇબ્સ લિ.
- શ્રી મહેન્દ્રકુમાર અંબાલાલ શાહ
- મેસર્સ ઋષિ એફ.આઇ.બી.સી. સોલ્યુશન પ્રા. લિ.
- મેસર્સ વિસકો રીહેબિલિટેશન એઇડ્સ પ્રા. લિ.
- શ્રી નિરંજન એસ. પટેલ
- મેસર્સ સંજીવની મેડિસિન્સ પ્રા. લિ.
- મેસર્સ રીયલ ટાઇમ શિપિંગ એલ.એલ.પી.
- શ્રી હસમુખભાઇ ચતુરભાઇ પટેલ
- મેસર્સ બી.એમ.એસ. બુક્સ એન્ડ પીરીઓડીકલ્સ
- મેસર્સ એ.બી. જવેલસ
- ડૉ. સમીરકુમાર ભાનુભાઇ પટેલ
- મેસર્સ વિહાન એન્ટરપ્રાઇઝ
- શ્રી મહેશભાઇ છોટાભાઇ પટેલ
- શ્રી હર્ષદભાઇ એમ. પટેલ
- મેસર્સ મિલ્સેન્ટ અપલાઇન્સીસ પ્રા. લિ.
- મેસર્સ કૉમ્ફી ફર્નિચર સેન્ટર
- મેસર્સ ક્રિષ્ના ડેકોરેટર્સ
- શ્રી જાગૃત બી. પટેલ
- શ્રીમતી ઉર્મિલાબેન ચંદ્રકાંતભાઇ પટેલ
- શ્રી કલાવતીબેન ચીમનભાઇ પટેલ
- મેસર્સ પાર્થ પોલટ્રી ફાર્મ
- મેસર્સ પાયોનિયર ફર્નેસિસ પ્રા. લિ.
- મેસર્સ સેન્ચ્યુરીયન હેલ્થકેર પ્રા. લિ.
- મેસર્સ વેલ્થ ફર્સ્ટ પોર્ટફોલિયો મેનેજર્સ લિ.
- શ્રીમતી રાજેશ્રીબેન જયપ્રકાશભાઇ ત્રિવેદી
- આર.બી.સી.બી. ચેરિટી ટ્રસ્ટ

## આપની સહાય, મંડળને સાથ.

| અનુક્રમ નંબર | આર્થિક સહાય | રૂપિયા (અંદાજીત) |
|---|---|---|
| ૧. | નબળા વર્ગના દર્દીઓને કેન્સર/હૃદયરોગની સારવાર માટે સહાય | ૧,૨૫,૦૦૦ |
| ૨. | ઓછા વજનવાળા, વહેલા જન્મેલા નવજાત શિશુઓની NICU માં સારવાર | ૭૫,૦૦૦ |
| ૩. | આશીર્વાદ વૉર્ડના ૪૦ દર્દીઓના એક દિવસના ખોરાક માટે "ભોજન યોજના" અંતર્ગત સહાય | ૧૦,૦૦૦ |
| ૪. | સર્જીકલ સાધનોની ખરીદી માટે IMAGE-૧ સહાય | ૪૫,૦૦,૦૦૦ |
| ૫. | પ્રાયોજિત સિમ્યુલેશન સેન્ટર / સ્કિલ લેબના પ્રત્યેક રૂમના નામકરણ સાથેની સહાય | ૧૦,૦૦,૦૦૦ પ્રતિ રૂમ |
| ૬. | કોર મેડિકલ રિસર્ચ (u/s૩૫(૧)(ii) of the IT Act) ની સહાય માટે | ૧,૦૦,૦૦૦ અને વધુ |

**નોંધ:**

૧. ખાસ હેતુ માટેનું આપનું અનુદાન, તે જ હેતુ માટે આપવામાં આવશે.વિકલ્પ ૪ અને ૫ માટેની સહાય માટે આપસી સંમતિની માર્ગદર્શિકા પ્રમાણે બ્રાન્ડિંગ અથવા નામકરણ સુવિધા ઉપલબ્ધ છે.

૨. આપની સહાય "ચારુતર આરોગ્ય મંડળ" ના ચેક દ્વારા અથવા દર્શાવેલ ક્યુ.આર. કોડ સ્કેન કરીને ઑનલાઇન મોકલી શકાશે. આ સાથે આપ આપના દાનની વિગત ફોન અથવા ઇ-મેઇલ દ્વારા મોકલશો. મંડળને આપેલા દાનની રકમ ઇન્કમ ટૅક્સ ઍક્ટ-૧૯૬૧ અંતર્ગત ૫૦% કરમુક્તિને પાત્ર છે.

૩. US/UK માં મળવાપાત્ર કર લાભો સાથે દાન આપવા માટે અમને <helpus@charutarhealth.org> અથવા +૯૧ ૮૧૪૧૯ ૩૩૩૨૨ પર સંપર્ક કરવા વિનંતી છે.

૪. સંસ્થાઓ અથવા પગારદાર વ્યક્તિઓ તરફથી મેડિકલ રિસર્ચ માટે મળતું દાન(વિકલ્પ - ૬), અનુક્રમે ઇન્કમ ટૅક્સ ઍક્ટની કલમ ૩૫(૧)(ii) અને ૮૦GGA અંતર્ગત ૧૦૦% કરમુક્તિને પાત્ર છે.

---

**અમે ઍનલીસ્ટેડ છીએ, નીચેની સંસ્થાઓ સાથે:**

- ગીવ ઇન્ડિયા
- ચૅરિટી એઇડ ફાઉન્ડેશન, ઇન્ડિયા
- આઇ ચૅરિટી
- હેલ્પ યૉર એન.જી.ઓ.
- TISS,CSR HUB (ડિસેમ્બર ૨૦૨૩ સુધી)

**અમે રજીસ્ટર્ડ છીએ, નીચેની સંસ્થાઓ સાથે:**

- ગાઇડસ્ટાર ઇન્ડિયા પ્લેટિનમ લેવલ (રજી નં. ૭૮૦), રિન્યુઅલ માટે અરજી કરેલ છે.
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉર્પોરેટ અફેર્સ (IICA, Delhi)ના ઇમ્પલીમેન્ટીંગ ઍક્રેડિટેડ એજન્સીસ હબ દ્વારા સન્માનિત

**અમે માન્યતા પ્રાપ્ત થયેલ છે, નીચેની સંસ્થાઓ સાથે:**

- BSE સમ્માન
- ક્રેડિબિલિટી અલાયન્સ (ડિઝાયર્ડ નોર્મ્સ)

---

### હા , હું સંકલ્પ કરવા માંગુ છું.

રૂ. ____________________ રૂ.(શબ્દોમાં) ____________________

ના પ્રસંગે/ શ્રી ____________________ ના સ્મરણાર્થે ____________________

ના હેતુ માટે(માસિક/ત્રિમાસિક/વાર્ષિક)રૂ. ____________________ મારી સહાયરૂપે નોંધાવુ છું.

નામ:____________________ ઇ-મેઇલ: ____________________

સરનામું: ____________________

પીન કોડ: __________ ફોન/મોબાઇલ નંબર: ____________________ પાન નં: ____________________

સહી:

કશુંક મેળવીને તમે જીવન ગુજારો છો, પણ કશુંક આપીને તમે જીવન બનાવો છો.